# ROYAL HIGHER SECONDARY SCHOOL - DHORAJI

ધોરણ :- 12TH　　　　　　　　　　　　　　　　　　　　　　　તા.　-01-2025

વિષય :- S.P.CC　　　　　　　　　　　　　　　　　　　　　　કુલ ગુણ :- 100

**નીચેના 1થી 20 પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ) [20]**

1. બૅન્ક સાથેના પત્રવ્યવહારમાં જ્યારે પણ નાણાંની કોઈ રકમનો ઉલ્લેખ થતો હોય ત્યારે તે કેવી રીતે લખવી જોઈએ?

A). આંકડામાં　B). શબ્દોમાં　C). આંકડા અને શબ્દોમાં　D). રોમન આંકડામાં

2. મોટા શહેરમાં પાણી-પુરવઠો પૂરતા પ્રમાણમાં મેળવવા માટે કઈ સંસ્થા સાથે પત્રવ્યવહાર કરવો પડે?

A). રાજ્ય સરકાર સાથે　B). મહાનગરપાલિકા સાથે　C). ગ્રામપંચાયત સાથે　D). કેન્દ્ર સરકાર સાથે

3. કર્મચારીઓને વ્યવસ્થાતંત્રએ ઘડેલ આચારસંહિતા વિશેની માહિતીથી માહિતગાર કરવા કયો પત્ર લખાય છે?

A). મેમો　B). પરિપત્ર　C). નોટિસ　D). અરજીપત્ર

4. જ્યારે વિમાધારક વીમો લે છે ત્યારે વીમો વિમાકંપની અને ધારક વચ્ચે શું બની જાય છે?

A). વીમા સેવા　B). નાણાંની સલામતી　C). નોંધણી　D). વીમા કરાર

5. આર.ટી.જી.એસ.(RTGS) નું પૂરું નામ શું છે?

A). રિયલ ટાઈમ ગ્રેડ સેટલમન્ટ　C). રિઝર્વ ટાઈમ ગ્રોસ સેટલમન્ટ

B). રિયલ ટાઈમ ગ્રોસ સેટલમન્ટ　D). રિઝર્વ ટ્રેડ ગ્રોસ સેટલમન્ટ

6. પ્રેઝન્ટેશનમાં કોણ કેન્દ્રસ્થાને હોવું જોઈએ?

A). પ્રેક્ષકો　B). અધિકારીઓ　C). નેતાઓ　D). રજૂઆતકર્તા

7. શેરની કેવી વહેંચણી શરૂઆતથી જ રદબાતલ છે?

A). અનિયમિત　B). ગેરકાયદેસર　C). જાહેર ભરણાં પહેલાંની　D). ખાનગી ધોરણે

8. શૅરના બે હપતા વચ્ચેનો સમયગાળો ઓછામાં ઓછો કેટલો હોવો જોઈએ?

A). 1 માસ　B). 2 માસ　C). 3 માસ　D). 4 માસ

9. શૅરહોલ્ડર પોતાના શેર-પ્રમાણપત્ર કંપનીને પરત કરે તેને શું કહે છે?

A). શૅરની પુનઃખરીદી　B). શેર-સોંપણી　C). શેરના ભાગ પાડવા　D). વેચાણની દરખાસ્ત

10. શેરહોલ્ડર ભાટે શેર...

A). જંગમ મિલકત છે.　B). જવાબદારી છે.　C). રોકડ મિલકત છે.　D). અચલ મિલકત છે.

11. શૅરની ફરજિયાત ફેરબદલીમાં ...

A). સંમતિ જરૂરી છે.　B). સંમતિ જરૂરી નથી.　C). સંમતિ ગમે તે આપી શકે છે.　D). કંપની રજિસ્ટ્રાર સંમતિ આપે છે.

12. કંપની ફડચામાં જાય/વિસર્જન થાય ત્યારે ડિબેન્ચરધારકોને નાણાં મેળવવાનો..............હક મળે છે.

A). છેલ્લે ચુકવણી　B). અગ્રિમ　C). જવાબદારી　D). શૂન્ય

13. ડિબેન્ચરધારકો તેમના હિતોના રક્ષણ માટે કોની નિમણૂક કરી શકે છે?

A). ઍડ્વોકેટની　B). વહીવટી અધિકારીની　C). ડિબેન્ચર ટ્રસ્ટીની　D). શૅરધારકની

14. સંયુક્ત શેર ધરાવનાર વ્યક્તિઓ પૈકી કંપની કોના નામે પત્રવ્યવહાર કરે છે?

A). પ્રથમ વ્યક્તિનાં નામે B). બધી જ વ્યક્તિઓનાં નામે C). બીજી વ્યક્તિનાં નામે D). છેલ્લી વ્યક્તિનાં નામે

15. ખાનગી કંપનીમાં ઓછામાં ઓછા કેટલા સંચાલકો હોવા જોઈએ?

A). ચાર B). ત્રણ C). બે D). એક

16. કંપનીનું વ્યક્તિત્વ ...

A). સામૂહિક છે. B). વૈકલ્પિક છે. C). કૃત્રિમ છે. D). કોઈ વ્યક્તિત્વ નથી.

17. કંપની સભામાં મતદાન દરમિયાન સરખા મતો પડે ત્યારે કોણ પોતાનો મત આપી શકે છે?

A). ડિરેક્ટર B). લેણદારો C). સભાપતિ D). સેક્રેટરી

18. ખાસ ઠરાવની તરફેણમાં ઓછામાં ઓછા કેટલા સભ્યોની બહુમતી આવશ્યક છે?

A). 75% B). 51% C). 65% D). 40%

19. જાહેર કંપનીમાં ઓછામાં ઓછી કેટલી સભ્યસંખ્યા થાય, તો કંપનીને ફડચામાં લઈ જઈ શકાય?

A). 7થી ઓછી B). 2થી ઓછી C). 4થી ઓછી D). 10થી ઓછી

20. ઑફિશિયલ લિક્વિડેટર પોતાનો મત કોને જણાવે છે?

A). સંચાલકોને B). ટ્રિબ્યુનલને C). સભ્યોને D). લેણદારોને

## વિભાગ B

**નીચેના 21થી 30 પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** **[10]**

21. કઈ પૉલિસીમાં વીમાધારકના મૃત્યુ બાદ તેના વારસદારોને ચોક્કસ રકમની ચુકવણી કરવામાં આવે છે?

22. ઈ-કોમ્યુનિકેશનના મુખ્ય પ્રકારો જણાવો.

23. નિર્ણયાત્મક તેમજ સૂચનાત્મક રજૂઆતનું એક-એક ઉદાહારણ જણાવો.

24. ત્યાગપત્ર એટલે શું? તે કેટલા ભાગમાં વહેંચાયેલ હોય છે?

25. શેર-ફેરબદલી મંજૂરી અંગેનો ઠરાવ ક્યારે કરવામાં આવે છે?

26. રૂપાંતરણક્ષમ ડિબેન્ચર (CD) અને બિનરૂપાંતરણક્ષમ ડિબેન્ચર (NCD)નો અર્થ જણાવો.

27. કંપનીનું સભ્યપદ કોની વચ્ચેના કરાર દ્વારા મળે છે?

28. વર્તમાન સમયમાં કંપનીનું સંચાલન કોના દ્વારા થાય છે?

29. કંપનીની વાર્ષિક સામાન્ય સભા (AGM) ક્યાં અને ક્યારે યોજવી જોઈએ?

30. કંપનીમાં વહીવટ કરવો ક્યારે અશક્ય બને છે?

## વિભાગ C

**નીચેના 31થી 40 પ્રશ્નોમાંથી કોઈ પણ સાત પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (પ્રત્યેકના 2 ગુણ)** [14]

31. બૅન્કને લખવામાં આવતા વિનંતી પત્રોમાં કયા પ્રકારના પત્રોનો સમાવેશ કરવામાં આવે છે? તેની યાદી આપો.

32. કઈ સંસ્થાઓને 'સ્થાનિક સંસ્થાઓ' પણ ગણી શકાય?

33. અપકર્ષ અંગેના સંજોગો જણાવો.

34. ગેરકાયદેસર શેર-વહેંચણી એટલે શું?

35. શૅર-સોંપણીના સંજોગો જણાવો.

36. અંશત: રૂપાંતરણક્ષમ ડિબેન્ચર એટલે શું?

37. રૂપાંતરપાત્ર ડિબેન્ચરધારક કઈ રીતે સભ્ય બને છે?

38. સંચાલકોની જવાબદારી કેટલા પ્રકારની હોય છે?

39. સભાનોંધમાં કઈ કઈ વિગતોનો સમાવેશ થાય છે?

40. ફરજિયાત વિસર્જનની પ્રક્રિયાનાં યોગ્ય અને ન્યાયી કારણો જણાવો. (કોઈ પણ બે)

## વિભાગ D

**નીચેના 41થી 47 પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો: (પ્રત્યેકના 3 ગુણ)** [15]

41. શેર-વહેંચણી અંગે સેક્રેટરીની ફરજો જણાવો.

42. શૅરના કાયદાકીય હસ્તાંતરણ અંગેના સંજોગો જણાવો.

43. શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો. (ગમે તે ત્રણ મુદ્દા)

44. કંપનીનું સભ્યપદ કોણ મેળવી શકે?

45. સંચાલકની લાયકાતો જણાવો.

46. કંપનીની સભાઓના વિવિધ પ્રકારો દર્શાવો.

47. લેણદારો દ્વારા સ્વૈચ્છિક વિસર્જનનો અર્થ અને વિધિ જણાવો.

## વિભાગ E

**નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ 04 પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ)** **[16]**

48. ઈ-મેઈલ લખતી વખતે ધ્યાનમાં રાખવી પડતી બાબતો જણાવો.

49. શેર - અરજી અંગેની વિધિ સમજાવો.

50. અમૂત શેર ફેરબદલી કેવી રીતે કરવામાં આવે છે.

51. કંપનીનું સભ્યપદ પદ મેળવવાની વિવિધ રીતો જણાવો.

52. મેનેજિંગ ડિરેક્ટરને ક્યારે વળતર ચૂકવવામાં આવતું નથી? તેમજ તેમની પાસેથી ચૂકવેલ વધારાની રકમ ક્યારે વસુલ કરી શકાય?

53. સભાપતિની સતાઓ અને ફરજો જણાવો.

## વિભાગ F

**નીચેના 54થી 60 પ્રશ્નોમાંથી કોઈ પણ પાંચ પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો : (પ્રત્યેકના 5 ગુણ)** [25]

54. તમને તમારા ધંધા માટે ઓવરડ્રાફ્ટની સગવડ મેળવવાની જરૂરિયાત છે, તો તમારી બૅન્કને ઓવરડ્રાફ્ટ મેળવવા માટે વિનંતીપત્ર લખો.

55. શહેરના જાહેર માર્ગો પર સફાઈની અનિયમિતતા અંગેનું ધ્યાન દોરતો પત્ર સુરત મહાનગરપાલિકાને લખો.

56. પટવારી બ્રધર્સ, જુનાગઢ-સ્થિત વેપારીને ભારત સરકાર પાસેથી નિકાસ પરવાનો મેળવવો છે, તો તેમના વતી ભારત સરકારને પત્ર લખો.

57. એક સરકારી હોસ્પિટલમાં કામ કરતા કર્મચારીઓને તેમનાં વાહનો સંસ્થા દ્વારા નિયત કરેલી પાર્કિંગની જગ્યાએ પાર્ક કરવાની જાણ કરતો પરિપત્ર લખો.

58. કોઈ એક કર્મચારીને શિસ્તભંગનાં પગલારૂપે અપકર્ષની જાણ કરતો પત્ર લખો.

59. શ્રીમતી વૃંદા શિવકુમાર છેલ્લાં 5 વર્ષથી વીમા સેવા દ્વારા આરક્ષિત છે. તેમણે ખરીદેલ પોલિસી પર મળવાપાત્ર વધારાના લાભની જાણકારી મેળવવા તેમના વતી ભારતીય જીવનવીમા નિગમને પત્ર લખો.

60. શાળામાં 5મી જૂન, 2023ના રોજ વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના આયોજન અંગે સમિતિ અહેવાલ તૈયાર કરો.